**GJVD**020548172025 **ફોજદારી કેસ નંબર : ૪૯૭૦૧/૨૦૨૫**

**આરોપીનું નામ** : ભારતીબેન પરસોતમભાઈ કહાર

**ગુન્હો :–ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ) મુજબ....**

## : ચુકાદો :

**૧.** આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ દ્વારા ઉપરોકત મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતાં હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઇ, ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં, આરોપી સ્વેચ્છાપૂર્વક હાલનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, આરોપીની કબુલાત સ્વિકારી આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતાં, આરોપી કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીની હાલના ગુનાના કામે પ્લી રેકર્ડ કરી. આરોપી પ્લીમાં પણ ગુનો કબુલ હોવાનું સ્વિકારી અને તેમને પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ–બચ્ચાવાળા હોઈ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** આરોપીની ગુનાની કબુલાત જોતાં, તે સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવે છે. જેથી આરોપીની ગુના કબુલાત સ્વિકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે. તે હકીકત તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૫(૧), જી.એલ.આર. પાન નંબર – ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હિરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨), જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિંધ્ધાતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી જણાતું હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ~: હુકમ :~

- આ કામના આરોપીને ઉપરોક્ત ગુનામા તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ આરોપીને રૂા.૧૦૦/– ( અંકે રૂપિયા સો પુરા ) નો દંડની સજા ફરમાવવામા આવે છે. આરોપી જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- સદર કામે કબજે કરેલ પ્રોહિબીટિડ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાય આ કામે જો વાહન/ મોબાઈલ મુદ્દામાલ તરીકે કબજે કરેલ હોય અને જો તે અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવામા આવે છે અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ મુદ્દામાલ અંગે ઈન્કવાયરી કરી માલિકીના ઓળખના આધાર પુરાવા લઈ તેના મુળ માલિકને પરત કરવો.

હુકમ આજરોજ તારીખ : ૧૨ મી, માહે –જુલાઈ , સને–૨૦૨૫ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૦૨૫
વડોદરા.

**( બંધન નાગી )**
એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફર્સ્ટ કલાસ ,વડોદરા.
કોડ નં – જીજે ૦૧૩૭૫

દંડ પાવતી નં. :– ____________________
વસુલ દંડની રકમ :– રૂ. ૧૦૦/– ( અંકે રૂપિયા સો પુરા)
તા.૧૨/૦૭/૨૦૨૫

નાઝર, ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, વડોદરા.